647510 **BA0GujCC622A** **Seat No :________**

# B.A. Semester - 6 (*CBCS*) Examination

## March/April -2020

## GUJARATI: P22 APATHIT: KAVYA NO ASWAAD, GADHYKHAND NU VIVRAN, SAHITYIK SANSKRUTIK NIBANDHO (CORE - 22)

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન-૧ નીચેનામાંથી કોઇપણ એકનો કાવ્યાસ્વાદ કરો. (૧૪)

તારી નજરમાં જ્યારે અનાદર બની ગયો,
મંજિલ વગરનો જાણે મુસાફર બની ગયો!
ફૂલોનું સ્વપ્ન આંખમાં આંજ્યાનાં કારણે,
હું પાનખરમાં કેટલો સુંદર બની ગયો?
ક્યાં જઇ હવે એ સ્મિતની હળવાશ માણશું?
હૈયાનો બોજ આંખની ઝરમર બની ગયો!
મુક્તિ મળે છે સાંભળ્યુ ચરણોનાં સ્પર્શથી,
રસ્તે હું એ જ કારણે પત્થર બની ગયો!
મારું મરણ ક્યાં એકલું મારું મરણ હતું?
સંસાર, આંખ મીંચી તો નશ્વર બની ગયો!

- શ્યામ સાધું.

અથવા

રમતાં રમતાં લડી પડે ભૈ માણસ છે!
હસતાં હસતાં રડી પડે ભૈ માણસ છે!
પહાડથી એ કઠણ મક્કમ માણસ છે!
દડ દડ દડ દડ દડી પડે ભૈ માણસ છે!
ચંદર પર ચાલે ચપચપ માણસ છે!
ને બે ડગલે ખડી પડે ભૈ માણસ છે!
સૂર્યવંશીનો પ્રતાપ એનો માણસ છે!
ભર બપોરે ઢળી પડે ભૈ માણસ છે!
પૂજાવા ઝટ થયાં પાળિયા માણસ છે!
ટાણે ખોટયું પડી પડી ભૈ માણસ છે!

- જયંત પાઠક.

પ્રશ્ન-૨ નીચેનામાંથી કોઇપણ એક ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

સાચો શિક્ષક કદી વિદ્યાર્થી મટતો નથી. જ્ઞાનનું ક્ષેત્ર સદા વિસ્તરતું રહે છે. આથી તેમાં જૂની મૂડી પર વેપલો ખેડી શકાય નહીં. સાહિત્યનાં શિક્ષકની પહેલી શરત એ છે કે તે સાહિત્યનો સાચો વ્યાસંગી હોવો જોઇએ. સાહિત્યનાં મૂલ્યને પારખીને એની ઉચિત પરીક્ષા કરવી. એના ભાવિ વિકાસની શક્યતાઓ તરફ પોતાની સૂઝનાં બળે અંગુલી નિર્દેશ કરવો, એટલું જ નહીં, પણ એ શક્યતાઓ ચરિતાર્થ થાય તેને માટેની અનુકૂળ આબોહવા સરજવામાં પોતાની અધ્યયન પ્રવૃત્તિને ઉપકારક નીવડે એવી રીતે પ્રયોજવી એને એ પોતાનો ધર્મ હોવો જોઇએ. -સુરેશ જોશી.

અથવા

સાહિત્ય એ જીવનનું પ્રતીક છે. જીવન નિરોગી, પ્રસન્ન, સેવા પારાયાણ, પ્રેમપૂર્ણ અને પરાક્રમી હોય તો તેનાં બધાં જ વ્યાપાર આકર્ષક અને પ્રભાવશાળી થવાના. જે વિચારમાં આર્યતા છે, ઉદાત્તતા છે અને સર્વમંગલકારી ભાવના છે. તેનું શબ્દશરીર એની મેળે જ ભાવગંભીર, લલિત, કોમલ અને પ્રસાદપૂર્ણ થવાનું જ. સાહિત્યની ઉન્નતિ કરવી હોય તો જીવનની ઉન્નતિ કરીએ, સાહિત્ય એ જીવનની છાયા છે. જીવનની સુગંધ છે.

- કાલેલકર

પ્રશ્ન-૩ નીચેનામાંથી કોઇપણ એક નિબંધ લખો. (૧૪)

(૧) સાહિત્યઃ માનવજીવનનાં ઘડતર બળ તરીકે.

(૨) સાહિત્ય એ સમાજનું દર્પણ છે.

(૩) મારો પ્રિય સાહિત્યકાર.

(૪) મારી પ્રિય સાહિત્યકૃતિ.

પ્રશ્ન-૪ નીચેનામાંથી કોઇપણ એકનો વિગતે જવાબ આપો. (૧૪)

(૧) ઇન્ટરનેટઃ લાભ અને ગેરલાભ.

(૨) આજનું શિક્ષણઃ દશા અને દિશા.

(૩) લોકશાહી ક્યા માર્ગે?

(૪) જાતિવાદઃ વારસાગત સમસ્યા.

પ્રશ્ન-૫ નીચેનામાંથી કોઇપણ બે નો જવાબ લખો. (૧૪)

(૧) સ્કૂલનાં આચાર્યને સંબોધીને શિક્ષકની ભરતી માટેની અરજી લેખન કરો.

(૨) તમારી કોલેજમાં 'ભારતીય સંવિધાન દિવસ' ઉજવણી થયેલી, તેનો વિગતવાર અહેવાલ લખો.

(૩) 'હું માનવી માનવ થાઉં તોય ઘણું' – સુંદરમ્ (અર્થવિસ્તાર કરો.)

**********************************